## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*વન-રેન્ક-પેન્શન ના વાયદા કર્યા કરે છે!*
*ગોળગોળ, અટપટા, કાયદા કર્યા કરે છે!*
*તાયફા કરી, કરે ખોટી, મોટી મોટી જાહેરાતો -*
*ચૂંટણીમાં લઈ લે લાભ, ફાયદા કર્યા કરે છે...*

હાઈકુ

*સૈનિકો-પ્રજા,*
*મરો ભલે, અમારું -*
*ભરો ત્રભાણું...*
*(સાંસદોનાં ભથ્થાં વધશે)*

*તૂટી પડે છે,*
*મત ભૂખ્યાં ગીધડાં*
*લાચાર શબે...*
*(આત્મહત્યા પર રાજકારણ)*

### ચિંતન

**જનમ મરન સબ દુખ સુખ ભોગા, હાનિ લાભ પ્રિય મિલન બિયોગા,**
**કાલ કરમ બસ હોહિં ગોસાંઈ, બરબસ રાતિ દિવસ કી નાંઈ.**

ઉપરોક્ત સાખી રામાયણમાંથી લેવામાં આવેલ છે.

જન્મ, કર્મ, સુખ-દુ:ખના ભોગ, હાનિ, લાભ, પ્રિયનો મેળાપ અને વિયોગ - આ સઘળું પરવશ એવા રાતદિવસની માફક કાળધર્મને આધીન હોય છે.

મનુષ્યનો જન્મ અને મૃત્યુ નિશ્ચિત શ્વાસ આધારિત છે. પૂર્વ જન્મના કર્મ અને પુણ્યફળ સ્વરુપ આપણો જન્મ થાય છે. કર્મ ભોગવી માણસ મૃત્યુ પામે છે. કર્મ પ્રમાણે જ સુખ-દુ:ખ, હાનિ-લાભ, માન-અપમાન મળે છે. આ બધું જ તદ્દન સ્વાભાવિક-રીતે જ થાય છે. જેમ રાત્રિ પછી ધીમે ધીમે દિવસ અને ફરી રાત થાય એવું તદ્દન સ્વાભાવિક જ છે.

### સુવિચાર

- આપણી પાસે કંઈ ન હોય ત્યારે નમ્ર રહીએ તે સ્વાભાવિક છે, પરંતુ મોટાઈ મળ્યા પછી પણ નમ્ર રહેવું એ ઉત્તમ સદ્‌ગુણ છે - **મોરારિ બાપુ**
- વરસાદ આવે ત્યારે નાના પક્ષીઓ આશરો શોધીને તેમાં છુપાઈ જાય છે, પણ ગરુડ વાદળોની પણ ઉપર ઊડીને વરસાદને મ્હાત કરે છે - **એ.પી.જે. કલામ**
- માણસ બીજાનું સુખ જોઈને જેટલા દુ:ખી થાય છે એટલો કદાચ પોતાના દુ:ખથી પણ દુ:ખી નથી થતો - **શાહબુદ્દિન રાઠોડ**
- પ્રેમ એ તો લાગણીનું શુદ્ધ સ્વરુપ છે, એ હંમેશા શાંત હોય છે એમાં ઝંખના હોય પણ ઉશ્કેરાટ કે અધિરતા ન હોય - **વજુ કોટક**
- સાચા સાધકો મૌન તથા ધ્યાનના આગ્રહી છે, વિશેષ વાચાળતા અને ઉત્કંઠા દોઢ ડાહ્યામાં હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : નાકમાંથી લોહી પડતું હોય તો કમળ પુષ્પના રસનાં ટીપા નાકમાં નાખવા.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

જેણે અપરિગ્રહનો સ્વીકાર કર્યો હોય એ જ સાચો સંત, બાકી સાધુ થયા પછી પણ ભવ્ય આશ્રમોમાં સુખ-સાહ્યબી ભોગવનાર ભોગીને સંત કેમ કહેવાય?

ગુરુ મછેન્દ્રનાથને શિષ્ય ગોરખ પ્રત્યે ખૂબ માન હતું તેને પદશિષ્ય બનાવવાની ઈચ્છાથી હવે તેની છેલ્લી પરીક્ષા કરવાની હતી; તેથી એક પ્રવાસમાં તેને સાથે લીધો.

સંધ્યા સમયે, એક તળાવને કાંઠે આવ્યા અને ગુરુએ એક ભારે થેળી ગોરખનાથને આપી કહ્યું, બેટા! આ થેલી કિંમતી છે તું સાચવીને રાખજે હું તળાવમાં સ્નાન કરી આવું.

ગુરુજી ગયા પછી, શિષ્યએ, ઉત્સૂકતાથી થેલીમાં જોયું. સોનાની ઈંટ હતી. ગોરખને ગુરુજીની ત્યાગવૃત્તિ પર શંકા જાગી - સંતો તો પૈસાનો સ્પર્શ પણ ન કરે - ગુરુજી આવી જ્ઞાની, માયામાં કેમ ફસાયા? આવો વિચાર કરી - તેણે ઈંટ તળાવમાં ફેંકી દીધી.

ગુરુજી આવ્યા અને કહ્યું બેટા, ગોરખ, ચાલ હવે રાત્રે જંગલમાં લૂંટનો ભય છે તેથી થેલી સાચવજે!

ગોરખનાથ કહે, ગુરુજી મેં ભયને તળાવમાં પધરાવી દીધો છે હવે નિશ્ચિંત થઈ જાવ...

ગુરુ મછેન્દ્ર, શિષ્યને ભેટી પડ્યા. તું મારી કસોટીમાં સફળ શિષ્ય સાબિત થયો છે.

# પૂર્વ સૈનિકના આપઘાત પર રમાતું રાજકારણ

**તંત્રીસ્થાનેથી...**

હરિયાણાના બામણા ગામના વતની અને નિવૃત્ત સૈનિક રામકિશન ગ્રેવાલે 'વન રેન્ક વન પેન્શન' મુદ્દે કેન્દ્ર સરકાર સામે ચાલુ રાખેલ ધરણાંનો દુ:ખદ અંત એમની આત્મહત્યામાં આવ્યો, તે ઘટના દેશની સેનાના ઈતિહાસમાં સીમાચિહ્ન રૂપ ગણાશે. સરહદ પર જાનફેસાની કરવા ચોવીસે કલાક કટિબદ્ધ રહેતા સૈનિક સમાજના એક નિવૃત્ત પ્રતિનિધિને જ્યારે પોતાની માગણી પ્રત્યે ધરાર અવગણનાભર્યું વલણ દાખવતી સરકાર સામે ઝેર ઘોળવા સિવાય બીજો આરો કે ઓવારો ન દેખાય ત્યારે સ્વાભાવિક છે કે એક વ્યક્તિનું જ નહીં બલકે સમગ્ર સેનાનું મનોબળ તૂટી જાય. પરંતુ ક્યારેક નિવૃત્તિ પછી ગામમાં વિક્રમ મતોથી જીતી સરપંચ પદ શોભાવનાર એક ઈમાનદાર સૈનિકને પોતાને મળતા પેન્શનમાં ફક્ત પાંચ હજાર રૂપિયા જેવી નજીવી રકમ ઉમેરાવવા આટલી હદે આત્યંતિક પગલું લેવાનું જરૂરી લાગે ત્યારે એના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાને બદલે નિવૃત્ત સેનાધ્યક્ષ અને કેન્દ્રના રાજયકક્ષાના વિદેશમંત્રી એને માનસિક રીતે અસ્થિર ગણાવે અને હરિયાણાના મુખ્યમંત્રી ખટ્ટર એને 'શહીદ' નો દરજ્જો અપાવવા સામે ખુલ્લો વિરોધ દર્શાવે ત્યારે સ્વાભાવિક છે કે સેનાની નીચલી કેડરમાં કેન્દ્ર અને રાજય સરકાર પ્રત્યે પ્રશ્નસૂચક શંકા સરજાય. વી.કે. સિંહ પોતે હરિયાણાના વતની છે. એમણે મરનાર ગ્રેવાલ કોંગ્રેસની ટિકિટ પર સરપંચની ચૂંટણી લડ્યા હોવાનું રહસ્ય શોધી કાઢ્યું છે. શું કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડવી તે બંધારણીય ગુનો છે? વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને 'કોંગ્રેસ મુક્ત' કરી દેવાની જેહાદ છેડી છે. એમના મંત્રીઓ અને મુખ્યમંત્રીઓ એમના આ પ્રોજેક્ટને પાર પાડવા ઉજાગરા કરી રહ્યા છે. પરંતુ અહીં તો હરિયાણાના મુખ્યમંત્રી અને ગાઝિયાબાદમાંથી ભાજપની ટિકિટ પર ચૂંટાયેલા કેન્દ્રીય મંત્રી કોંગ્રેસને પુનર્જીવિત કરવાનું જ કામ કરી રહ્યા છે. સંરક્ષણ મંત્રીએ કહ્યું છે કે હજી એક લાખ જેટલા પૂર્વ સૈનિકોને 'વન રેન્ક વન પેન્શન' યોજનાનો લાભ નથી પહોંચાડી શકાયો. બનવાજોગ કે આત્મહત્યા કરનાર રામકિશન ગ્રેવાલ એ કમનસીબ પૂર્વ સૈનિકો પૈકીના એક હોય. એ સાચું કે પોતાની માગણી માટે ધરણાં કરનારો એમનો નિર્ણય યોગ્ય હોઈ શકે, પરંતુ સરકારની નીંભર બેફિકરાઈ સામે ઝેર ઘોળવાનું પગલું તો આત્યંતિક જ ગણાય. એમની આ ઉતાવળનો ગેરલાભ મોદીના કટ્ટર વિરોધીઓને મળી રહ્યો છે. કોંગ્રેસના રાહુલ ગાંધીને મરનારના સ્વજનોને મળતા અટકાવીને કે કેન્ડલ માર્ચ કરતા રોકીને દિલ્હી પોલીસે 'લાઈટ લાઈટ'માં જ મૂકી આપ્યા છે. કેજરીવાલના ડેપ્યુટી મનીષ સિસોદિયાની અને અન્ય મંત્રીઓની અટકાયત કે મરનારને 'શહીદ'નો દરજ્જો તથા રૂપિયા એક કરોડની સહાય જેવી બાબતોનો વિરોધ કરીને ખટ્ટર પોતાના જ પગ પર કુહાડો ઝીંકી રહ્યા છે. એક તરફ મોદી સૈનિકો સાથે દિવાળી ઊજવાત ફરે છે, એમની બહાદુરીનાં વખાણ કરતા ફરે છે ત્યારે બીજી તરફ દિલ્હીમાં જ એક પૂર્વ સૈનિકને પોતાની માગણી સામે સરકારના જડ વલણ વિરુદ્ધ આપઘાત કરવાની ફરજ પડે છે. સરવાળે આ ઘટના આગામી ચૂંટણીઓમાં વિપક્ષ માટે એક વણમાગ્યો પ્રચારમુદ્દો બની રહેશે. શું આ મુદ્દે વડાપ્રધાન એમના ઉતાવળિયા અને બફાટ કરતા રહેલ સાથીઓને ઠપકો આપી બગડતી બાજી સુધારી લેવાની વ્યૂહરચના ઘડશે? કે પછી એમની સંમતિથી જ એ નિવેદનો અપાયા છે - એવો સાક્ષીભાવ કેળવી મૌન રહેવું પસંદ કરશે?

# સવિનય કાનૂનભંગ સત્યાગ્રહમાં કર્તવ્યનિષ્ઠ સૌમ્યતાની સુવાસ

**ઢાળમાં ય નહીં દોડનારા મહાત્મા ગાંધીની સમાધાની**

ગાંધી ૧૦૦



ડૉ. રાજેન્દ્ર જાની

ચપટી મીઠું ઉપાડીને સવિનય કાનૂન ભંગની લડતમાં આખો દેશ ગાંધીની પડખે ઊભો રહ્યો હતો. પ્રજાનો પ્રચંડ ટેકો હોવા છતાં ગાંધીજીએ અંગ્રેજો સાથે સમાધાનકારી વલણ અપનાવીને સવિનય કાનૂન ભંગ મોકૂફ રાખ્યુ હતું. આ સમયે અનેકના મનમાં પ્રશ્નો હતા. ગાંધીજીના સાથી રેજિનલ્ડ રેનલ્ડ્સે પણ જેલમાંથી છૂટ્યા પછી ગાંધીજીએ કરેલા સમાધાનલક્ષી નિવેદનોની આકરી ટીકા કરી હતી. ગાંધીએ તેમને પણ સમજાવ્યું હતું કે ''સત્યાગ્રહ સૌમ્ય થઈ શકે છે, અને સૌમ્ય થવું, એ જયારે કર્તવ્ય હોય ત્યારે તો સૌમ્ય થવું ઘટે.''

રેજિનલ્ડ રેનલ્ડસ્ બ્રિટનમાં કોંગ્રેસનો પક્ષ રજૂ કરનાર જે થોડા ઘણા હતા પૈકીના એક હતા. સમાધાન પાછળનો તર્ક સમજવો તેમના માટે આ દૃષ્ટિએ જરુરી હતો એવો ઉલ્લેખ તેમણે ગાંધીજીને અંજલિ લખેલા પુસ્તક 'ટુ લિવ ઈન મૅનકાઈન્ડ' કર્યો છે. ગાંધીજીએ તેમને સમાધાન પાછળનો તર્ક સમજાવતા લખ્યું હતું. 'મારો ન્યાય કરવા એ લોકો બેસી જાય તે જેમ મને ન ગમે, તેમ જ મને પણ એમના કાજી બનવાનો અધિકાર નથી.'

વધુમાં ગાંધી લખે છે : 'સત્યાગ્રહનો હું કસાયેલો સૈનિક છું. આ વખતે હું જેમ વર્ત્યો છું તેમ જ કટોકટીના પ્રસંગોએ ભૂતકાળમાં વર્ત્યો છું અને રાહ જોવાની લાભ થવાના તો કેટલાય દાખલા યાદ કરી શકું એમ છું. સિદ્ધાંતોની બાબતમાં (સ્વરાજ અંગેની માગણી બાબતના સારતત્વના સંદર્ભે) હું લેશ પણ નમતું જોખવાનો નથી એવી તમને ખાતરી આપું છું, ને તમારે માટે એટલું પૂરતું હોવું જોઈએ.'

ગાંધી સાથોસાથ એવી પણ યાદ અપાવે છે કે 'સત્યાગ્રહ' એ મનુષ્યની બુદ્ધિને અને તેના હૃદયમાં રહેલી કરુણાની ભાવનાને અપીલ કરી તેનામાં વિશ્વાસ પેદા કરવાની અને તેના હૃદયનું પરિવર્તન કરવાની પદ્ધતિ છે.

અત્રે એ યાદ અપાવવું જરુરી છે કે સમાધાની વલણમાં ગાંધીજી એવા ભ્રમમાં નહોતા કે સામા પક્ષનો (અંગ્રેજોનો) હૃદયપલટો થઈ ગયો છે. શિકાગો ટ્રિબ્યુનના ખબરપત્રીને પોતાની વાત સમજાવતાં એમણે કહ્યું કે પરિસ્થિતિ પલટાતા પોતે લડવાની પદ્ધતિ પણ બદલી છે. શરુઆતમાં પ્રજાને જ પોતાની શક્તિનું પૂરું માપ નહોતું પરંતુ પાછળા દસ મહિનાની સવિનય ભંગની લડતના 'ભવ્ય દૃશ્ય' બાદ આપણે આપણી શક્તિના ભાન સાથે વાટાઘાટ કરી શકીએ છીએ.

ગાંધીએ મુંબઈની એક જાહેર સભામાં બોલતાં એમ પણ સમજાવ્યું હતું કે 'સત્યાગ્રહીએ તો પોતે લડત આપવા સદૈવ તત્પર હોવા છતાં સુલેહ માટે એટલા જ ઉત્સુક રહેવાનું છે. માનપૂર્વક સુલેહ થઈ શકે એવી એક પણ તક આવે તો એણે વધાવી લેવી જોઈએ.'

સત્ય અને અહિંસાને જીવનમંત્ર બનાવનાર ગાંધીજીએ પોતાના પડછાયા સમાન રાષ્ટ્રવાદી સત્યાગ્રહીઓને પણ સમાધાનના કોઈ મુદ્દા બાબતે સહેલાઈથી સ્વીકારી ના શકતા હોય તો એવા સત્યાગ્રહીઓને પણ જાહેરમાં પોતાનો વિરોદી વિચાર રજૂ કરવા પણ કહ્યું હતું. રેજિનલ્ડ રેનલ્ડસ્ સહિતના અનુયાયીઓને તેમણે જાહેર અપીલ કરતાં લખ્યું હતું કે... 'હું જે કંઈ કરી રહ્યો છું તેમાં તમારો સક્રિય ટેકો મારે જોઈએ. અને તમે ટીકા ન કરો, ફેરવો નહીં, સુધારો નહીં, રદ ન કરો તથા બીજી અનેક બાબતો ન કરો ત્યાં સુધી મને એ ન મળી શકે.'

એટલે જ આવા વ્યક્તિત્વને કવિ દુલા ભાયા કાગ-ભગત બાપુએ સાચી અંજલિ આપીને લખ્યું છે 'ઢાળ આવે ત્યારે ધોડતો નો તો ને ઊંચાણમાં ઊભનારો.'

સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૪૫, નવજીવન પ્રકાશન

**લેખક : સમાજશાસ્ત્રના અધ્યાપક છે.**

# દીપોત્સવના પર્વમાં તેજોમય દીપ સમાન મહર્ષિ દયાનંદની અનંતયાત્રા

ક્ષણના ચણીબોર



વી. એસ. ગઢવી

દીવાળીના શુભ દિવસે મહર્ષિ દયાનંદની ચિર વિદાયથી દેશના અનેક લોકો દિગમુઢ થયા હતા. ગુજરાતની ધરતી પર જન્મ ધારણ કરનાર આ વીર સન્યાસીની સિંહ હાકથી દેશના અનેક ભાગોમાં નવ જાગૃતિની લહેર પ્રગટ થઇ હતી. ધર્મ કે સંપ્રદાયના નામે ઢોંગ આચરીને અનેક નિર્દોષ ભાવિકોનું શોષણ કરનારો વર્ગ સ્વામી દયાનંદના તેજોમય વ્યક્તિત્વ તથા તર્કશુધ્ધ વાણીથી ભયભીત થયો હતો. સ્વામીજી છ દાયકાથી પણ ઓછું જીવન જીવ્યા—પરંતુ પોતાની ચિરકાળ છાપ છોડીને ગયા. કોઇ પ્રાચીન સમયમાં નહિ પરંતુ પ્રમાણમાં નજીકના ભૂતકાળમાં આપણાં દેશમાં થયેલા બે સન્યાસીઓએ પોતાના ભગવા વસ્ત્રો ખરા અર્થમાં ઉજાળ્યા છે. આ બે સન્યાસીઓમાં સ્વામી દયાનંદ તથા કર્મઠ સન્યાસી વિવેકાનંદનો ઉલ્લેખ વિના સંકોચે કરી શકાય તેવો છે. સ્વામી દયાનંદનો જન્મ ઇ.સ. ૧૮૨૫ ના ફેબ્રુઆરી માસમાં મોરબી રાજ્યના ટંકારા નામના ગામમાં થયો. ૧૮૮૩ના ઓક્ટોબર માસમાં દીપોત્સવ—દીપાવલીના પર્વના દિવસે આ તેજોમય દીપનો પ્રકાશ અનંતમાં ભળી થયો. સમાજમાં નવ જાગૃતિનો શંખ ફૂંકનાર આ સન્યાસી સમાજને જાગૃત કરીને સીધાવી ગયા. પોતાના કાળના સમર્થ વિચારક તથા સાધક ઋષિ તરફ અનેક લોકો અંતરથી ધન્યતાનો—આભારવશતાનો અનુભવ કરે છે.

ધન્ય હૈ તુજકો ઐ રિષિ,
તુને હમે જગા દીયા,
સો સો કે લૂટ રહેથે હમ,
તુને હમે બચા લીયા,
અંધોકો આંખે મીલ ગઇ,
મુરદોમેં જાન આ ગઇ,
જાદુસા ક્યા ચલા દીયા,
અમૃતસા ક્યા પીલા દીયા.

સ્વામી આનંદે લખ્યું છે કે સન્યાસીને સમાજ પાસેથી ફક્ત ''દો રોટી ઔર એક લંગોટી'' મેળવવાનો હક્ક છે. પરંતુ સ્વામીદાદા કહે છે કે સાધુએ સમાજ પાસેથી આટલુંજ ગ્રાહણ કરીને સહસ્ત્રગણું સમાજને પરત આપવાનું હોય છે. સ્વામીદાદા કહે છે તેવા અનેક જ્યોતીર્ધર સન્યાસીઓ પોતાના અમૂલ્ય પ્રદાન દ્વારા ઈતિહાસમાં અમર થયા છે. સન્યાસીના બાહ્ય પહેરવેશ થકી નહિ પરંતુ તેના આચરણ થકી સમાજે તેને સ્નેહ તથા આદર અઢળક માત્રામાં પૂરા પાડેલા છે. ભીક્ષુ અખંડાનંદ જેવા સંતે સમાજમાં ઉત્તમ પ્રકારના પુસ્તકોની ઉપલબ્ધી સામાન્ય લોકોને પણ પરવડે તેવી કિમ્મતે થાય તેની ચિંતા આજીવન કરી. આ હેતુ પાર પાડવા માટે ટ્રસ્ટની રચના કરીને એક ચોક્કસ વ્યવસ્થા પણ ઊભી કરી. આવી પ્રવૃત્તિમાં ભીક્ષુ અખંડાનંદજીને પ્રભુની પ્રસન્નતાની અનુભૂતિ થઇ શકતી હતી. પૂજ્ય મોટાએ મઠ-મંદિરોના બદલે બાળકો અભ્યાસ કરી શકે તે માટે શાળાઓના ઓરડા બાંધવાની ચિંતા કરી. તેમને આ કાર્યમાં ઉત્તમ પ્રકારની પ્રભુ ભક્તિનો અનુભવ થયો. મુની સંતબાલજીને પણ માનવ સેવાના કાર્યોમાંજ ઈશ્વરની આરાધનાનો પદરવ સંભળાયો. સંતોની આવી ઉજળી પરંપરાના એક અગ્રજ સમાન સ્વામી દયાનંદ હતા. અનેક પ્રકારની અંધશ્રધ્ધાઓમાં ઘેરાયેલા સમાજને તંદ્રામાંથી બહાર લાવીને જાગૃતિના માર્ગે દોરી જવાનો મહર્ષિ દયાનંદનો પ્રયાસ હતો. ધર્મના નામે ધતીંગ ચલાવનારાઓ અનેક સ્વાર્થી લોકોની ધમકીઓ તથા પડકારોનો સમાનો આ વીર સન્યાસીએ સામી છાતીએ કર્યો હતો. એકથી વધારે વખત સ્વામીજીની હત્યા કરવાના પ્રયાસ નિષ્ફળ ગયા હતા.

જગતનું હિત સાધવા માટેજ જાણે કે આ ખુદાના ફરીશ્તાઓએ જગતમાં નિર્ભયતાથી વિચરણ કરીને લોકહીતના અગણિત કાર્યો દ્રઢતાપૂર્વક કર્યા હતા. જગતનું કલ્યાણ નજર સામે રાખીને આપણા સંતો જે માર્ગે ચાલ્યા તે વીરતાનો માર્ગ હતો. ભીરુ કે અધૂરીયા લોકો સંતોના નિર્ભયતાના માર્ગે ડગલા માંડી શકતા નથી. હરિનું કાર્ય કરવાની પહેલી શરત એ નિર્ભયતા તેમજ વીરતાની છે. ભક્તિ અને વૈરાગ્યના ઊંડા સંસ્કારોવાળા કવિ પ્રીતમદાસના શબ્દો આ સંદર્ભમાં યાદી આવે તેવા અર્થસભર છે.

હરિનો મારગ છે શૂરાનો,
નહિ કાયરનું કામ જોને
પરથમ પહેલું મસ્તક મૂકી
વળતી લેવું નામ જોને
માથા સાટે મોંઘી વસ્તુ
સાંપડવી નહિ સ્હેલ જોને
મહાપદ પામ્યા તે મરજીવા
મૂકી મનનો મેલ જોને.

સ્વામી દયાનંદ બાળપણથીજ જીજ્ઞાસુ વૃત્તિ ધરાવનારા એક વિચારશીલ વ્યકિત હતા. તેમનું નામ મૂળશંકર હતું. માતા પિતાના સંસ્કાર તથા પોતાના ઘરના માહોલને કારણે તેઓ શિવરાત્રીના પર્વે નિરાહાર રહ્યા અને પ્રભુપ્રાપ્તિ માટે રાત્રિનું જાગરણ પણ તેમણે કર્યું. અન્ય સાધકો જ્યારે નિંદ્રાધિન થયા ત્યારે કિશોર મૂળશંકર પ્રયત્નપૂર્વક જાગતો રહ્યો. બાળવયની આવી નિષ્ઠાપૂર્વકની આરાધનામાં શ્રધ્ધા તથા ભક્તિનો સમન્વય થયેલો હતો. પરંતુ રાત્રિના શાંત સમયે શિવલિંગ પર દોડાદોડી કરતા ઉંદરોને જોઇને કિશોર મૂળશંકરના મનમાં અનેક પ્રશ્નો થયા. વિચારોના વાવાઝોડાથી બાળકનું મન ઘેરાવા લાગ્યું. આવી બાળ સહજ ઉત્સુક્તા તથા પ્રશ્નો થવા તે સ્વાભાવિક પણ છે. શક્તિશાળી દેવ મહાદેવના લિંગ પર ઉંદરોની આવી આવી ગુસ્તાખી કેમ થઇ શકે તેનો કોઇ પ્રતિતિકર જવાબ બાળકને કોઇ પાસેથી મળ્યો નહિ. આ રીતે સંસારમાં બનતા અન્ય પ્રસંગો જેવા કે નાની ઉમ્મરની બહેનનું મૃત્યુ કે પોતાને પ્રિય એવા કાકાનું મૃત્યુ જેવા પ્રસંગો જોઇને પણ મૂળશંકર વ્યથિત થયા. તેમને થયેલા પ્રશ્નો કે તેમણે અનુભવેલી સમસ્યાઓનું સમાધાન જાતેજ શોધવા માટે મૂળશંકરે નિર્ણય કર્યો. આ હેતુ માટે ગ્રહત્યાગ કરી સંસારના બંધનોથી મુક્ત થવું તેમને જરૂરી લાગ્યું. મુક્તિના આવા અજાણ્યા તથા જોખમી માર્ગે ડગ ભરતા મૂળશંકરને સાંસારીક મોહ-મમતા નડી શક્યા નહિ.

સ્વામીજીએ સમાજ નિર્માણનું કાર્ય કોઇ વ્યક્તિ આધારીત ન રહે અને આ કાર્યમાં સાતત્ય જળવાય તે હેતુથી આર્યસમાજની સ્થાપના એપ્રિલ-૧૮૭૫ માં કરી. સ્વામીજી આજીવન વિચારોના બંધિયારપણાના વિરોધી રહ્યાં. રાષ્ટ્રીય કેળવણીના પ્રચાર-પ્રસાર માટે સ્વામીજીએ શૈક્ષણિક સંસ્થાઓ—ગુરુકુળની સ્થાપના કરીને રાષ્ટ્રીય કેળવણીના કાર્યમાં પોતાનો સિંહફાળો આપ્યો હતો.

એક તેજસ્વી દીપનો અકાળ અસ્ત દીપોત્સવીના તહેવારના દિવસેજ થયો તે ઘટના આજે પણ ગ્લાની ઉપજાવનારી લાગે છે. મહર્ષિ દયાનંદની પ્રતિભા તથા વીરવાણી દરેક કાળમાં પ્રાસંગિક તથા માર્ગદર્શક બને તેવી છે.

# સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા વિશિષ્ટ ગૌરવ વ્યાખ્યાન તથા રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

સાહિત્ય વૃત્ત



મૂળજીભાઈ પરમાર 'દધિ'

તા.૨૯-૯-૧૬ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે 'કરુણપ્રશસ્તિ'વિશેનો એકદિવસીય પરિસંવાદ પરિષદના પ્રમુક ચંદ્રકાન્ત ટોપીવાળાની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. જેમાં પરિષદના મહામંત્રી પ્રફુલ્લ રાવલે પ્રવચન કરી પરિસંવાદની ભૂમિકા બાંધી હતી, જેમાં તેમણે મહાકાવ્ય, ખંડકાવ્ય, ઊર્મિકાવ્ય, દીર્ઘકાવ્ય, લઘુકાવ્ય અને કરુણપ્રશસ્તિકાવ્યની ચર્ચા કરી હતી. નાની ભાવનગરીએ કલિદાસકૃત 'રતિવિલાપ' કાવ્યની વિગતવાર ચર્ચા રજૂ કરી હતી, જેનું કાલિન્દી પાઠકે વાંચન કર્યું હતું. વિજય પંડ્યાએ કાલીદાસકૃત 'રઘુવંશ'ના અજ રાજાની પ્રિય પત્ની ઈન્દુમતિના અવસાન અને રાજાની વિરહવેદના વર્ણવી હતી. શ્રી એસ.ડી. દેસાઈએ આલ્ફ્રેડ ટેનિસન કૃત 'ઈન મેમોરિયલ'કાવ્યની અને રાજેન્દ્ર પટેલે લોકાકૃત 'એલેજી ટુ ઈઝ બુલ ફાઈટર ફ્રેન્ડ'ની ચર્ચા કરી હતી. હરિત મહેતાએ નરસિંહ રાવ દિવેટીયા કૃત 'સ્મરણ સંહિતા' વિશે વકતવ્ય આપ્યું હતું. પ્રફુલ્લ રાવલે કવિ ન્હાનાલાલકૃત 'પિતૃતર્પણ' કાવ્યવિશે વકતવ્ય આપ્યું હતું. અજય રાવલે અરદેશર ફરામજી ખબરદાર કૃત 'દર્શનિકા' વિશે અને હરિકૃષ્ણ પાઠક કરસનદાસ માણેકકૃત 'ખાખનાં પોયણાં' ખંડકાવ્ય વિશે વકતવ્ય આપ્યું હતું. ઉષાબેન ઉપાધ્યાયે સુંદરજી બેટાઈકૃત 'સદ્‌ગત ચંદ્રશીલાને કાવ્યની ચર્ચા કરી હતી. અનિરુદ્ધસિંહ ગોહેલે મનસુખલાલ ઝવેરીકૃત 'ભભૂતને' કરુણ પ્રશસ્તિ કાવ્ય વિશે વકતવ્ય આપ્યું હતું. જયારે પારુલ કંદર્પ દેસાઈએ ઉમાશંકર જોશીકૃત 'સદ્‌ગત મોટાભાઈ' વિશે વાત કરી હતી. પ્રથમ બેઠકનું સંચાલન પારૂલ કે દેસાઈએ દ્વિતીય બેઠકનું સંચાલન ઈતુભાઈ કુરકુટિયા એન તૃતીય બેઠકનું સંચાલન ધ્વનિલ પારેખે કર્યું હતું.

● ભારતની પ્રસિદ્ધ સંસ્થા 'ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઑફ કાર્ટૂનિસ્ટ બેંગ્લોર' દ્વારા આયોજિત 'જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા સાહિત્યકાર' પર કેન્દ્રિત કાર્ટૂનિસ્ટ - સાહિત્યકાર નિર્મિશ ઠાકરનું ભવ્ય વ્યંગચિત્ર પ્રદર્શન બેંગ્લોરમાં યોજાયું હતું જેનું ઉદ્‌ઘાટન જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા સાહિત્યકાર ચંદ્રશેકર કંબર દ્વારા કરવામાં આવ્યું હતું અને નિર્મિશ ઠાકરના પુસ્તક 'વક્રરેખાઓમેં જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા' નું લોકાર્પણ થયું હતું.

● બોસમિયા કૉલેજ, જેતપુરના ગ્રંથાલય વિભાગ દ્વારા ઈશ્વર પેટલીકરના જન્મશતાબ્દિ પ્રસંગ નિમિત્તે સર્જકના સાહિત્ય વિશે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગ્રંથાલયના અધ્યક્ષ મનોજ વ્યાસે ભૂમિકા બાંધી હતી. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ભીમજી ખાચરિયાએ ઈશ્વર પેટલીકરની વાર્તા 'લોહીની સગાઈ' નું વાંચન કર્યું હતું. પ્રા.વી. કે. વાઘ, ગ્રંથપાલઓ ગોપાલ નિરંજન, શૈલેષ વાણવી કૃણાલ પંડ્યા તેમજ વીસેક જેટલા વિદ્યાર્થીઓએ ઈશ્વર પેટલીકરના વિવિદ સાહિત્યકૃતિઓ વિશે પોતાના સંશોધનપત્રો રજૂ કર્યા હતા.

● એચ.કે. આટ્‌ર્સ હૉલ, અમદાવાદ ખાતે સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી કૉલેજના સંસ્કૃત વિભાગ દ્વારા વિશિષ્ટ ગૌરવે વ્યાખ્યાન તથા રાષ્ટ્રીય પરિસંવાદ યોજાઈ ગયો. પાર્શ્વ પબ્લિકેશન દ્વારા પ્રકાશિત 'આધુનિક સંસ્કૃત સાહિત્ય અને હર્ષદેવ માધવનું સર્જન'નું લોકાર્પણ કરવામાં આવ્યું. આચાર્ય સુભાષ બ્રહ્મભટ્ટે સ્વાગત પ્રવચન આપ્યું. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ ભાગ્યેશ જહા સારસ્વત અતિથિ રહ્યા હતા. રાષ્ટ્રપતિ પુરસ્કૃત વિદ્વાન ડૉ. વિજયકુમાર પંડ્યાના અધ્યક્ષાપદે ડૉ. માધવે 'મારી સર્જનયાત્રાના વિવિધ પડાવો' અંગે રસપ્રદ વકતવ્ય આપ્યું હતું. આ બેઠકનું સંચાલન ડૉ. રવીન્દ્રકુમાર ખાંડવાલાએ તથા આભારદર્શન ડૉ. હસમુખ બારોટે કર્યું હતું. દ્વિતીય બેઠકમાં અતિથિ વિશેષ તરીકે કુલપતિ, સોમનાથ સંસ્કૃત યુનિ. વેરાવળ - ડૉ.અર્કનાથ ચૌધરી ઉપસ્થિતત હતા. રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન ભોપાલના અજયકુમાર મિશ્રે બહુઆયામી સંસ્કૃતકવિ વિશે વકતવ્ય આપ્યું હતું. આ બેઠકનું સંચાલન ડૉ. અંજના મહેતાએ કહ્યું હતું.

● મહુવાના કૈલાશ ગુરુકુલ ખાતે 'દેવપરામર્શ' વિષયક સંસ્કૃતસત્ર યોજાઈ ગયું. પૂ. સંત મોરારિ બાપુની હાજરીમાં, પ્રા હર્ષદેવ માધવનું 'વાચસ્પતિ' પુરસ્કાર પ્રદાન કરીને સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ઋગ્વેદના દેવો અને પૌરાણિક દેવો વિષે વિવિધ વિદ્વાનોએ સુંદર વ્યાખ્યાનો રજૂ કર્યા હતા. 'વરુણદેવ' વિષયક પ્રા. ડૉ. મધુસૂદનને સફળ બનાવવા ડૉ. હરિશ્ચંદ્ર જોશી, ડૉ. ગૌતમ પટેલ, ડૉ. વિજય પંડ્યાએ સિંહફાળો આપ્યો હતો.

● સાહિત્ય, વિવેચક, શિક્ષણશાસ્ત્રી રમેશ ઓઝાનું નિધન થયું. ઓઝા રાજસ્થાની હોવા છતાં, ગુજરાતી જાણે એમની માતૃભાષા બની ગયેલી હતી. એમણે પ્રમાણમાં ઓછું લખ્યું છે એનું કારણ એ કે, તેઓ જે તે વિષયનો પૂર્ણ અભ્યાસ કરીને જ લખતા. તેઓ સિદ્ધાંતવાદી અને નિર્ભિત રીતે સાચી વાત કહેનાર અભ્યાસુ વિવેચક હતા. તેમણે શિક્ષણના કે સાહિત્યના રાજકારણમાં રસ નહોતો, પરંતુ એકેડેમિક વાતોમાં ભરપૂર રસ હતો. તેમણે સાહિત્ય ઉપરાંત ઈતિહાસનું જ્ઞાન પણ અદભૂત હતું. શેકસપિયરને અત્યંત સરળથાથી ગુજરાતીમાં રજૂ કરનાર એકમાત્ર રમેશ ઓઝા હતા. તેમણે નર્મદ સાહિત્યસભાનું પાયાનું કામ કર્યું. રમેશ ઓઝાના જવાથી વિવેચન ક્ષેત્રે ખાસ્સી ખોટ પડી છે. સ્વર્ગસ્થા પુણ્યાત્માને સાદરસહ શ્રદ્ધાંજલિ.

- muljibhaidadhi@gmail.com